# અતિવૃષ્ટિની રજાની ભરપાઈ માટે શિક્ષણ સમિતિમાં હવે ચાર રવિવારે શાળા ચાલુ

**નગર** પ્રાથમિક શિક્ષણ સમિતિનો નિર્ણય, 6 અને 13 સપ્ટેમ્બર તથા 27 સપ્ટેમ્બર અને 4 ઓક્ટોબરે શૈક્ષણિક કાર્ય ચાલુ રહેશે

સુરતઃ શહેરમાં અતિવૃષ્ટિના કારણે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં જાહેર કરાયેલી ચાર દિવસની આકસ્મિક રજાની ભરપાઈ હવે ચાર રવિવારે કરવામાં આવશે. ભારે વરસાદના કારણે ખોરવાયેલા શૈક્ષણિક કાર્યને સરભર કરવા તથા પરીક્ષા પહેલાં અભ્યાસક્રમ પૂર્ણ કરવાના હેતુથી શિક્ષણ સમિતિના ઈનચાર્જ શાસનાધિકારીએ પરિપત્ર બહાર પાડી તમામ મુખ્ય શિક્ષકોને રવિવારે શાળા ચાલુ રાખવા સૂચના આપી છે.

પરિપત્ર મુજબ તા.24 જુલાઈ, શુક્રવારની રજાની ભરપાઈ 6 સપ્ટેમ્બરના રવિવારે, તા.25 જુલાઈ, શનિવારની રજાની ભરપાઈ 13 સપ્ટેમ્બરના રવિવારે, તા.31 જુલાઈ, શુક્રવારની રજાની ભરપાઈ 27 સપ્ટેમ્બરના રવિવારે અને તા.1 ઓગસ્ટ, શનિવારની રજાની ભરપાઈ 4 ઓક્ટોબરના રવિવારે કરવામાં આવશે.

ચારેય દિવસ શાળાઓમાં નિયમિત શૈક્ષણિક કાર્ય હાથ ધરવામાં આવશે. જોકે, રજાના દિવસે વિદ્યાર્થીઓની હાજરી જાળવવી તંત્ર માટે મોટો પડકાર બની શકે છે. માત્ર શાળા ચાલુ રાખવાથી નહીં, પરંતુ વિદ્યાર્થીઓની પૂરતી હાજરી અને અસરકારક વર્ગખંડ શિક્ષણથી જ ગુમાવેલા શૈક્ષણિક દિવસોની વાસ્તવિક ભરપાઈ થઈ શકશે. દરમિયાન સુરત મનપા સંચાલિત સુમન સ્કૂલમાં અગાઉ રવિવારે શૈક્ષણિક કાર્ય દરમિયાન વિદ્યાર્થીઓની સારી હાજરી નોંધાઈ હોવાનો તંત્રનો દાવો છે. હવે શિક્ષણ સમિતિની શાળાઓમાં પણ રવિવારની હાજરી અને અભ્યાસક્રમની પ્રગતિ પર નજર રહેશે.

# 13 નામાંકિત સ્કૂલોમાં મચ્છરનાં બ્રિડિંગ



**711 શૈક્ષણિક** સંસ્થાઓના સરવેમાં 109 સ્થળે મચ્છરના લારવા મળતા દંડ

**જાણીતા** શોપિંગ મોલ અને બિઝનેસ કોમ્પલેક્સ પર પણ તવાઇ

### કોને કેટલો દંડ કરાયો?

| સંસ્થા | ઝોન | દંડની રકમ |
|---|---|---|
| પી.પી. સવાણી સ્કૂલ | ઈસ્ટ-બી | રૂ.25,000 |
| જય અંબે સ્કૂલ | ઈસ્ટ-બી | રૂ.10,000 |
| ડિવાઈન વર્લ્ડ સ્કૂલ | ઈસ્ટ-બી | રૂ.7,500 |
| આશાદીપ સ્કૂલ, પુણાગામ | ઈસ્ટ-એ | રૂ.10,000 |
| ગુરુકૃપા સ્કૂલ | સાઉથ-એ | રૂ.5,000 |
| શ્રી તિરુપતિ વિદ્યાપીઠ | સાઉથ-એ | રૂ.2,500 |
| આઈ.જી. દેસાઈ સ્કૂલ | સાઉથ-વેસ્ટ | રૂ.3,000 |
| શ્રી સર્વોદય બી.એડ. કોલેજ | સાઉથ-વેસ્ટ | રૂ.2,000 |
| કલાલ પબ્લિક વિદ્યાભવન | સાઉથ-બી | રૂ.1,000 |
| સરસ્વતી શિશુ મંદિર | સાઉથ-બી | રૂ.1,000 |
| ઇન્સ્પાયર એકેડેમી | વેસ્ટ | રૂ.1,000 |
| હેપ્પી વેલી સ્કૂલ | સાઉથ-ઈસ્ટ | રૂ.500 |

### કયા કયા શોપિંગ મોલ-બિઝનેસ કોમ્પ્લેક્ષને દંડ કરાયો?

| સંસ્થા | ઝોન | દંડ |
|---|---|---|
| જુનેમોનેટો ટાવર | રાંદેર | રૂ.10 હજાર |
| રાજહંસ બિઝનેસ હબ | રાંદેર | રૂ. 6 હજાર |
| ડી'માર્ટ મોલ | રાંદેર | રૂ. 6 હજાર |
| રાજ હાર્મની શોપિંગ સેન્ટર | રાંદેર | રૂ.5.5 હજાર |
| યુનિવર્સલ ટ્રેડ સેન્ટર | રાંદેર | રૂ.5.5 હજાર |
| રાજહંસ સ્ટેડિયમ પ્લાઝા | રાંદેર | રૂ.500 |

### મચ્છરોની ઉત્પતિનો ઘટનાક્રમ

(1) પાણીમાં ઈંડા મૂક્યા પછી ૨૪ થી ૭૨ કલાકમાં તેમાંથી લારવા (ઇયળ) બહાર આવે છે. (2) લારવા પાણીમાં રહીને સૂક્ષ્મ જીવો ખાય છે અને ૩ થી ૫ દિવસમાં વિકાસ પામે છે. (3) લારવા પછી તે પ્યુપા બને છે, જે ૨ થી ૩ દિવસ રહે છે. (4) પ્યુપાનો આકાર બદલાઇ છે અને પુખ્ત મચ્છર બહાર આવે છે

સુરત : હાલમાં રોગચાળો વધી રહ્યો છે ત્યારે સુરત મનપાના આરોગ્ય વિભાગ દ્વારા તા. 21થી 24 ઓગસ્ટ દરમિયાન શહેરની શાળા, કોલેજ અને ટ્યુશન ક્લાસિસમાં વિશેષ સરવે ઝુંબેશ કરવામાં આવતાં 13 જેટલી નામાંકિત સ્કૂલોમાં મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા. મનપા દ્વારા આ તમામ સ્કૂલોને દંડ કરવાની સાથે અન્ય 59ને નોટિસ આપવામાં આવી છે. સરવે દરમિયાન 109 સ્થળોએ મચ્છરજન્ય ઉત્પત્તિ મળી આવી હતી. મનપાની ટીમ દ્વારા સ્થળ પર જ મચ્છરના બ્રિડિંગનો નાશ કરવાની કામગીરી કરવામાં આવી હતી. ઉપરાંત મચ્છરજન્ય પરિસ્થિતિ ઊભી થઈ શકે તેવા પાત્રો દૂર કરવા માટે 1,219 સોર્સ રિડક્શનની કામગીરી કરવામાં આવી હતી. શાળા, કોલેજ તથા ટ્યુશન ક્લાસિસ પાસેથી આશરે રૂ.69,000નો વહીવટી ખર્ચ વસૂલવામાં આવ્યો હતો. આ ઉપરાંત મનપા દ્વારા તાકીદ કરવામાં આવી હતી કે રહેણાંક વિસ્તાર તેમજ આસપાસના સ્થળોએ મચ્છરજન્ય પરિસ્થિતિ ઊભી ન થાય તે માટે મનપાના વીબીડીસી વિભાગના કર્મચારીઓ દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરી સહકાર આપે. અન્યથા શહેરીજનોના આરોગ્યને ધ્યાનમાં રાખીને વધુ કડક કાર્યવાહી કરવામાં આવશે. અહીં પ્રશ્ન એ પણ છે કે, ઊંચી ફી ભર્યા પછી બાળકો શાળામાંથી જ રોગ લઈને ઘરે નહીં આવતા હોયને તેવી પણ ચર્ચા શરુ થઈ છે.




# રાંદેરની ઐતિહાસિક ઓળખ સાથે જોડાયેલું 500 વર્ષ જૂનું રત્નેશ્વર મહાદેવ મંદિર

**શ્રાવણમાં મહાદેવનો મહિમા**

સુરતઃ સુરતના ઐતિહાસિક રાંદેર ગામમાં આવેલુ 500 વર્ષ જૂનું પૌરાણિક રત્નેશ્વર મહાદેવ મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે. વહેલી સવારથી જ શિવભક્તો દર્શન, પૂજન અને જળાભિષેક માટે મંદિરે પહોંચે છે. શ્રાવણના સોમવારે ખાસ કરીને ભક્તોની સંખ્યામાં વધારો જોવા મળે છે. ભક્તો ભગવાન શિવને બિલિપત્ર, ફૂલ અને જળ અર્પણ કરી પરિવારની સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે. રાંદેરની ઐતિહાસિક ઓળખ સાથે જોડાયેલું આ શિવાલય સ્થાનિક લોકો માટે વર્ષોથી આસ્થાનું કેન્દ્ર રહ્યું છે. શ્રાવણ માસ દરમિયાન 'હર હર મહાદેવ'ના નાદથી મંદિર પરિસર ભક્તિમય બની જાય છે.

**નર્મદના શહેર સુરતના મેયરને જ ખબર નથી કે નર્મદનું ઘર ક્યાં છે?**

# મેયરે પૂછ્યું, આ ગલીમાં કાર્યક્રમ કેમ?, જવાબ અપાયો, અહીં જ નર્મદનું ઘર છે!

**નર્મદ** જન્મજયંતી માત્ર પુષ્પહાર અને ફોટોસેશન પૂરતી સીમિત રહી, સાહિત્યકારોને આમંત્રણ નહીં અપાતાં કચવાટ

સુરતઃ સુરતના નામ સાથે કવિ નર્મદનું નામ માત્ર જોડાયેલું નથી, પરંતુ નર્મદની કલમમાં સુરતની અસ્મિતા ધબકે છે. પરંતુ નર્મદની જન્મજયંતીએ સુરત મહાનગરપાલિકાએ જે રીતે ઉજવણી કરી, તેને જોઈને નર્મદપ્રેમીઓનો સવાલ છે કે નર્મદનું ગૌરવ મનાવવામાં આવ્યું કે માત્ર સરકારી વિધિનું 'ચેકબોક્સ' ટિક કરવામાં આવ્યું? નર્મદે સુરતના ગૌરવ અને પતનની ચિંતા પોતાની 'સુરત' રચનામાં કરી હતી. આજે જાણે નર્મદની એ જ ચિંતા ફરી જીવંત થઈ રહી છે. સુરત પાસે નર્મદ છે, નર્મદનું ઘર છે, નર્મદની પ્રતિમા છે, નર્મદની લાઈબ્રેરી છે. બસ નર્મદને સમજવાની નેતાગીરીની તૈયારી ક્યાં છે?

ગાંધીબાગમાં નર્મદની પ્રતિમાને જન્મજયંતીના એક દિવસ પહેલાં સાફ કરવામાં આવી. જેથી મેયર પુષ્પહાર અર્પણ કરે ત્યારે ફોટો સરસ આવે. પછી મેયર આવ્યા, નર્મદને હાર પહેરાવ્યો, ફોટોસેશન થયું અને કાર્યક્રમ પૂર્ણ! જાણે નર્મદની જન્મજયંતી નહીં, કોઈ સરકારી કાર્યક્રમની હાજરી પૂરતી કરવાની કાર્યવાહી હોય. નર્મદની જન્મજયંતીના કાર્યક્રમમાં સાહિત્યકારોને સત્તાવાર આમંત્રણ આપવાની તસ્દી પણ લેવાઈ નહીં. વાત અહીં સુધી જ અટકતી નથી. ચર્ચા એવી પણ છે કે, નર્મદના જન્મસ્થળ તરફ મેયર પહોંચ્યા ત્યારે એક પૂર્વ કોર્પોરેટરને જ પૂછવું પડ્યું કે 'આ ગલીમાં કાર્યક્રમ કેમ રાખ્યો? જવાબ મળ્યોઃ બેન, આ તો વીર કવિ નર્મદનું જન્મસ્થળ છે!નર્મદનગરીના પ્રથમ નાગરિકને નર્મદના જન્મસ્થળની જાણકારી કરાવવી પડે, તેનાથી મોટો વ્યંગ બીજો કયો હોઈ શકે? નર્મદની પ્રતિમા પાસેના કાર્યક્રમમાં અંદાજે 30થી 35 બાળકો, દસ-પંદર નેતાઓ અને તેમના કરતાં વધુ અધિકારીઓ તથા સુરક્ષા કર્મચારીઓ હાજર રહ્યા. પરંતુ સાહિત્યકારો માટે જાણે 'નો એન્ટ્રી' નર્મદ સાહિત્ય સભાના પ્રમુખ, ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ અને રાષ્ટ્રપતિ પુરસ્કાર વિજેતા સાહિત્યકાર સ્વયંભૂ હાજર રહ્યા હોવા છતાં કોઈ વક્તવ્ય નહીં, કોઈ સાહિત્યિક ચર્ચા નહીં...


# રાજ્ય સરકારના દાવાઓ છતાં લોકોને ઓછું જ અનાજ મળે છે !

**સુરતમાં** નર્મદ યુનિ.ના જાહેર વહીવટ વિભાગના શબાના શેખ દ્વારા પીએચડી સંશોધનમાં ચોંકાવનારી વિગતો બહાર આવી

### લાભાર્થીઓની મુખ્ય સમસ્યાઓ અને ફરિયાદો

◆ ઓછું અનાજ અને સમયનો અભાવઃ લાભાર્થીઓને તેમના કાયદેસરના હક કરતાં ઓછું અનાજ મળવું અને જથ્થાની માહિતી સમયસર ન મળવી. ◆ દુકાનો અનિયમિત ખુલવીઃ વાજબી ભાવની દુકાનો મહિને મર્યાદિત દિવસો માટે જ ખુલ્લી રહેવી. ◆ ગેરકાયદે ચાર્જ વસૂલાતઃ e-KYC કરાવવા માટે લાભાર્થીઓ પાસેથી ચાર્જ લેવાવો. ◆ ભેદભાવ અને પુરવઠાની અછતઃ લાભાર્થીઓ સાથે ભેદભાવપૂર્ણ વર્તન થવું તથા મળવાપાત્ર કટોકટીની વસ્તુઓ જેમ કે ખાંડ, બાજરી, ચણા અને તેલનો પુરવઠો ઉપલબ્ધ ન હોવો. ◆ ફરિયાદ નિવારણનો અભાવઃ તંત્ર દ્વારા ફરિયાદોનું સમયસર નિરાકરણ ન લાવવું


સુરતઃ ગુજરાત સરકાર દ્વારા જાહેર વિતરણ પ્રણાલીને પારદર્શક બનાવવા માટે ટેક્નોલોજીનો વ્યાપ વધારવામાં આવ્યો હોવાના દાવા કરવામાં આવે છે. પરંતુ, વાસ્તવિક રીતે વહીવટી, માનવ સંસાધન અને તકનીકી પડકારો આજે પણ યથાવત છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના જાહેર વહીવટ વિભાગના સંશોધક દ્વારા કરવામાં આવેલા એક વિસ્તૃત પીએચ.ડી. સંશોધનમાં આ અંગેના ચોંકાવનારા તારણો સામે આવ્યા છે. જાહેર વહીવટ વિભાગના



સંશોધક શબાના મોહમ્મદહુસૈન શેખ દ્વારા "ગુજરાતના સુરત જિલ્લામાં જાહેર વિતરણ પ્રણાલી અને તેના અમલીકરણનો અભ્યાસ" વિષય પર પીએચ.ડી.નું સંશોધન પૂર્ણ કરવામાં આવ્યું છે. નિવૃત્ત પ્રાધ્યાપક ડૉ. નિલેશકુમાર જોશીના માર્ગદર્શન હેઠળ થયેલા આ સંશોધન માટે તેમને KCG તરફથી 'શોધ ફેલોશિપ' પણ પ્રાપ્ત થઈ હતી. આ અભ્યાસમાં સુરત જિલ્લાના માંગરોળ, માંડવી, ઉમરપાડા અને કામરેજ તાલુકાના ૧૩ ગામોના ૪૬૩ લાભાર્થીઓ અને ૭૬ વાજબી ભાવની દુકાન (FPS)ના સંચાલકો પાસેથી ડેટા મેળવવામાં આવ્યો હતો. આ ઉપરાંત, સંબંધિત સરકારી અધિકારીઓની રૂબરૂ મુલાકાત લઈને વિગતવાર વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### અનિસ સંસ્થા દ્વારા આધાશક્તિ વિષય પર કાર્યક્રમ યોજાયો



સુરતઃ આધાશક્તિ-વુમન ઈન પોલિટિક્સ એન્ડ લીડરશિપ વિષય પર અનિસ સંસ્થાના કાર્યક્રમનો આજે પ્રારંભ થયો હતો. જેમાં પ્રથમ સત્રમાં ગીતા શ્રોફે જણાવ્યું હતું કે, લીડરશીપની શક્તિ માત્ર હોદ્દા કે ખુરશીથી નથી આવતી. પોઝિશનલ, મોરલ, કલેકટિવ અને ઈનર સ્પીરીચ્યુઅલ પાવરને પ્રવૃત્તિઓ, ઉદાહરણો અને સંવાદ દ્વારા સમજતા તેઓ પહેલાં કોઈ મહિલા લીડરની શક્તિ ઓળખવી અને ત્યારબાદ તેને વિકસાવીસમાજહિતમાં તેનો ઉપયોગ કરવો જોઈએ. બીજા સત્રમાં રાજનસિંહ જણાવ્યું હતું કે, એમ્પથીને થિયરીના બદલે એક અનુભવ બનાવ્યો. 'તારે ઝમીન પર'ના ઈશાન અને 'મુન્ના ભાઈ M.B.B.S.'ની 'જાદુ કી જપ્પી' દ્વારા એક ખૂબ જ મહત્વપૂર્ણ લીડરશીપ લેસન સામે આવ્યું છે. અનિસની ટીમમાંથી હીર જૈન, નવનિધિ, હર્ષા નિર્મલ સોલંકી અને રેણુકા શાહે જવાબદારી સંભાળી હતી.

### સારા માણસોને બિરદાવશો તો એમનો ઉત્સાહ અને ઉલ્લાસ વધશેઃ પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે અમૃતવાણીનું આચમન કરાવતાં જણાવ્યું હતું કે આજે તમારા ઘર, ફ્લેટ, બંગલા, ફેક્ટરી, દુકાનો અને ધર્મસ્થાનો ધમધમતા છે એના મૂળમાં આપણા સ્ટાફનો સહયોગ છે. જો સ્ટાફ બરાબર હોય તો બધું દીપી ઊઠે છે. જો સ્ટાફ ખાયકીવાળો, કટકીવાળો કે કામચોર હશે તો તે ઘર, ફેક્ટરી, દુકાન કે ધર્મ સ્ટાફનું આયુષ્ય ઝાઝું નહીં હોય. ઘરનાં નોકર-ચાકરો પ્રત્યેનું ઔચિત્ય બરાબર નહીં જળવાય તો ગમે ત્યારે વિકટ પ્રશ્નો ઊભા થઇ શકે છે. સારું કાર્ય કરનારને બિરદાવવાની જરૂર છે.સારા માણસોને બિરદાવશો તો એમનો ઉત્સાહ અને ઉલ્લાસ વધશે. આજે ઘણી વાર એવું જોવા મળે છે કે સારા માણસો સમાજ અને દેશમાંથી ધીમેધીમે બાજુ ઉપર થઇ રહ્યા છે.

### કવિ નર્મદની જન્મજયંતીએ કોંગ્રેસ દ્વારા પ્રતિમાના પૂજન સાથે શ્રદ્ધાંજલિ અપાઇ



સુરતઃ ગુજરાતી સાહિત્યના મહાન કવિ અને સમાજ સુધારક વીર નર્મદની જન્મજયંતિ નિમિત્તે, સુરત શહેર કોંગ્રેસ સમિતિએ ચોક બજારમાં ગાંધી બાગ ખાતે તેમની પ્રતિમાનું પૂજન કરીને તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. કાર્યક્રમમાં કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાળા, ઉપપ્રમુખ હરીશ સૂર્યવંશી, મહામત્રી જયેશ ભટ્ટ સહિતના આહેવાનો જોડાયા હતા. આ પ્રસંગે સુરત શહેર કોંગ્રેસના ઉપપ્રમુખ હરીશભાઈ સૂર્યવંશીએ જણાવ્યું હતું કે કવિ નર્મદે ગુજરાતની ઓળખ અને સમાજના ઉત્થાનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમણે કહ્યું કે આજકાલ શિક્ષણનું વ્યાપારીકરણ વધુને વધુ થઈ રહ્યું છે, જે ચિંતાનો વિષય છે.

# સુરતની મુલાકાતે આવેલા રાજ્યપાલને હાઈકોર્ટની બેન્ચના મુદ્દે BCG સભ્યોની રજૂઆત

**સરકાર** તરફથી દરખાસ્ત આવશે ત્યારે હકારાત્મક વલણ દાખવવા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની હૈયાધરપત



સુરતઃ દક્ષિણ ગુજરાતમાં ગુજરાત હાઈકોર્ટની સર્કિટ બેન્ચની માંગ સાથે આજે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સુરતનાં સભ્ય ઝકી શેખ, શ્રીમતી પ્રીતિ જોશી, હિતેશ પટેલ, હિરલ પાનવાલા, ભાવેશ રબારી, હરેશ નાકરાણી ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને સુરત સર્કિટ હાઉસ ખાતે રૂબરૂ મળી રજૂઆત કરી હતી. આજે રાજ્યપાલ સુરતની મુલાકાતે આવ્યા ત્યારે આ રજુઆત કરવામાં આવી હતી.

આ અંગે બીસીજી સભ્ય ઝકી શેખે જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતના સુરત, ભરૂચ, નવસારી, વલસાડ, તાપી અને ડાંગ સહિતના દક્ષિણ ગુજરાતના વિસ્તારોની વિશાળ વસ્તી, વધતી કાનૂની કાર્યવાહી અને ગુજરાત હાઈકોર્ટમાં પ્રલંબિત કેસોને ધ્યાનમાં રાખીને સુરત ખાતે સર્કિટ બેન્ચ સ્થાપવાની જરૂરિયાત રજુઆતમાં દર્શાવવામાં આવી હતી. રાજ્યપાલએ રજૂઆતને હકારાત્મક રીતે સાંભળી સરકાર તરફથી દરખાસ્ત આવશે તો હકારાત્મક વલણ દાખવવાની તૈયારી દર્શાવી હતી. જો હાઈકોર્ટની બેન્ચ સુરતને મળશે તો પક્ષકારોને મોટી રાહત થશે.

# આપની મહિલા નેતાએ 'ટોણા' મારતા સગી જનેતા દ્વારા આપઘાતનો પ્રયાસ

**આપના** નારી હુંકાર મહિલા સંમેલનમાં ભીડ ભેગી કરવા મહિલા નેતાએ તેની માતા પર દબાણ કર્યું હતું

### દીકરીના શબ્દોથી માતા દુઃખી થઈ હોવાનું પોલીસ સમક્ષ નિવેદન

હોસ્પિટલમાં સારવાર બાદ બીજા દિવસે ભાનમાં આવેલા 55 વર્ષીય માતાએ પોલીસ સમક્ષ આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, તકરાર દરમિયાન દીકરીએ આવેશમાં આવીને, "તમે મારું સારું નથી ઈચ્છી શકતા" અને "હું તમારી દીકરી છું કે નહીં" જેવા શબ્દો કહ્યા હતા. દીકરીના આ શબ્દોથી દુઃખી થઈને તેમણે ઘરમાં પડેલો ઘઉંમાં નાખવાનો સેલફોસ પાઉડર પી લીધો હોવાનું પોલીસને જણાવ્યું હતું.


સુરતઃ લસકાણા વિસ્તારમાં આમ આદમી પાર્ટીના મહિલા નેતાના ઘરે પારિવારિક વિવાદે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું. ગત મહાનગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીમાંથી ઉમેદવારી નોંધાવી ચૂકેલા મહિલા નેતાની 55 વર્ષીય માતાએ ઝેર પીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. ગંભીર હાલતમાં તેમને ખાનગી હોસ્પિટલના ICUમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં લસકાણા પોલીસ હોસ્પિટલ પહોંચી હતી અને માતાનું નિવેદન નોંધી તપાસ હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ, ગત શનિવારે આમ આદમી પાર્ટી દ્વારા સુરતમાં 'નારી હુંકાર મહિલા સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું. સંમેલનને સફળ બનાવવા મોટી સંખ્યામાં મહિલાઓને એકત્રિત કરવા માટે મહિલા નેતા દ્વારા તેમની માતા પર પણ ભીડ ભેગી કરવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. જોકે, માતાએ મહિલા મંડળની મીટિંગ તથા મોટી સંખ્યામાં મહિલાઓને એકત્રિત કરવામાં પોતાની અસમર્થતા દર્શાવતા બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેને પગલે તેમણે ઝેર પી લીધું હતું. ઝેર પી લીધા બાદ મહિલાની તબિયત અચાનક લથડતા પડોશીઓ તાત્કાલિક તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ ગયા હતા. હોસ્પિટલમાં તેમની ગંભીર હાલતને ધ્યાનમાં રાખીને ICUમાં દાખલ કરવામાં આવ્યા હતા. હાલ તેમની સારવાર ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે.

# નિયોલ સ્ટેશનને ફુલ-ફ્લેજ્ડ ગૂડ્ઝ હેન્ડલિંગ હબ તરીકે વિકસાવોઃ ચેમ્બર

સુરતઃ ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલાએ વેસ્ટર્ન રેલવેના ડિવિઝનલ રેલવે મેનેજર પત્ર પાઠવી રજૂઆત કરી છે કે નિયોલ સ્ટેશન ઉધના-જલગાંવ લાઈન પર અત્યંત મહત્વના લોકેશન પર આવેલું છે. નિયોલ ખાતે હબ બનવાથી ભારે માલગાડીઓનું ટ્રાફિક ઉધના જેવા ગીચ શહેરી યાર્ડમાં ગયા વિના ડાયવર્ટ થઈ શકશે. સુરતના સારોલી, પુણા, કડોદરા અને સચીન પંથકમાંથી દરરોજ લાખો મીટર કાપડ અને યાર્ન ઉત્તર, પૂર્વ અને દક્ષિણ ભારતમાં મોકલવામાં આવે છે. પાંડેસરા, ઈચ્છાપોર, અંકલેશ્વર-હજીરા બેલ્ટમાંથી ઔદ્યોગિક કેમિકલ્સ અને પ્લાસ્ટિક રો-મટિરિયલના બલ્ક ટ્રાન્સપોર્ટેશન માટે રેલ સુવિધા અતિ જરૂરી છે. હજીરા ઈન્ડસ્ટ્રિયલ બેલ્ટમાંથી સ્ટીલ કોઈલ્સ, સ્ટ્રક્ચરલ કમ્પોનન્ટ્સ અને ભારે મશીનરીના પરિવહન માટે નિયોલ આદર્શ રેલ-હેડ બની શકે છે.

### ઈદે મિલાદુન્નબીનુ જુલૂસ આગામી 26મી ઓગસ્ટે નીકળશે




સુરતઃ આગામી 26મી ઓગસ્ટે નીકળનારા ઈદે મિલાદુન્નબીના જુલૂસ અંગે માહિતી આપતા ઈદે મિલાદુન્નબી ચેરિટેબલ ટ્રસ્ટના આગેવાનો પૈકી પ્રમુખ સૈયદ મોઈન્નુદ્દિન, સેક્રેટરી અબ્બાસ શેખ તથા ઉપપ્રમુખ અમીનભાઈ નાથાણીએ જણાવ્યું હતું કે, સમગ્ર જુલૂસ બુધવારે બપોરે 4 કલાકે બડેખાં ચકલા ખ્વાજાદાના દરખાહ ખાતેથી નીકળી ગોપીપુરા મોમનાવાડ થઈ રાજમાર્ગના કોટસફિલ રોડથી વાયા ચોકબજાર કમાલ ગલી પહોંચશે અને ત્યાંથી પરત ખ્વાજાદાના દરગાહ પહોંચશે. જુલૂસમાં સુરત શહેર પોલીસ કમિશનર દ્વારા બહાર પાડવામાં આવેલી ગાઈડ લાઈનનું કડકપણે પાલન કરવામાં આવશે તથા ભાઈચારાના માહોલ સાથે શાંતિપૂર્ણ રીતે પાર પાડવામાં આવશે.

### જાણીતા ગઝલગાયકોની ગઝલોનો 'બઝમ એ ગઝલ' કાર્યક્રમ યોજાયો



સુરતઃ અડાજણ સ્થિત પરફોર્મિંગ આર્ટ સેન્ટર ખાતે તા. ૨૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ 'બઝમ-એ-ગઝલ - એક શામ, સુરોં કે નામ' ગઝલ કાર્યક્રમ યોજાયો હતો. નિખિલ ગજ્જર દ્વારા પ્રસ્તુત તથા વિરલ નાઈકના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં સંજય મહેતા અને કેતન દેસાઈ જેવા સુપ્રસિદ્ધ ગાયકોએ પોતાની આગવી ગાયકીથી ઉપસ્થિત સંગીતરસિકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કાર્યક્રમમાં જાણીતા ગઝલગાયકોની ગઝલો ગાવામાં આવી હતી.

# હવે, ફિશ માર્કેટને 'નરેન્દ્ર મોદી' નામ આપવા એસો.ની માંગણી

**લેખિતમાં** નામકરણ માટે અરજી થતાં શાસકો ફિક્સમાં

સુરતઃ નાનપુરા-લક્કડકોટ વિસ્તારમાં રૂ.3.90 કરોડના ખર્ચે તૈયાર થયેલી નવનિર્મિત ફિશ માર્કેટને બિનસત્તાવાર રીતે 'શ્રી નરેન્દ્ર મોદી હોલસેલ ફિશ માર્કેટ' નામ આપવામાં આવતા વિવાદ વકર્યો છે. નામકરણના મુદ્દે વેપારીઓમાં બે મત જોવા મળી રહ્યા છે. એક તરફ કેટલાક વેપારીઓએ માંસાહારી ફિશ માર્કેટ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નામ જોડવા સામે વાંધો ઉઠાવ્યો છે, બીજી તરફ સુરત ફિશ માર્ચન્ટ એસો. દ્વારા નામકરણનો બચાવ કરવામાં આવ્યો છે. મનપા દ્વારા આ ફિશ માર્કેટના નામકરણ માટે કોઇ ઠરાવ થયો નથી પરંતુ હવે વિવાદ થતાં ફિશ મર્ચન્ટ એસો. દ્વારા લેખિતમાં વડાપ્રધાનનું નામ આપવા અરજી કરાઇ હોય શાસકો પણ ફિક્સમાં મૂકાઇ ગયા છે.

### વડાપ્રધાન શુદ્ધ શાકાહારી છે, એટલે એ નામ આપવું યોગ્ય નથીઃ સુરેન્દ્ર લશ્કરી, ફિશ માર્કેટના અગ્રણી વેપારી

"નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન છે અને તેઓ શુદ્ધ શાકાહારી છે. તેમણે ક્યારેય સી-ફૂડનું સેવન કર્યું નથી. તેથી આવા માંસાહારી માર્કેટ પર તેમનું નામ લગાવવું યોગ્ય નથી. અમે કહાર-માછી સમાજમાંથી આવીએ છીએ, તેથી માર્કેટને સમાજનું નામ આપવામાં આવે તો અમને કોઈ વાંધો નથી. વડાપ્રધાનની છબી ખરડાય નહીં તે માટે આ બોર્ડ તાત્કાલિક ઉતારીને કહાર-માછી સમાજના નામે માર્કેટનું વિધિવત લોકાર્પણ કરવું જોઈએ."

### અમે વડાપ્રધાનનું નામ ઉતારવા દઈશું નહીંઃ કલ્પેશ નવસારીવાલા, પ્રમુખ, સુરત ફિશ મર્ચન્ટ એસો.

"વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માછીમારો માટે અલગ મંત્રાલય બનાવ્યું છે અને મત્સ્ય સંપદા યોજના અંતર્ગત માછીમારો માટે કરોડો રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. તેથી ફિશ માર્કેટને તેમનું નામ આપવામાં આવ્યું હોય તો તેમાં વિવાદ કરવાની જરૂર નથી. અમે અહીં ગેરકાયદે રીતે બેઠા નથી. વેપારીઓએ રૂ.43 લાખની ડિપોઝિટ ભરી છે અને છ મહિનાનું એડવાન્સ ભાડું પણ ચૂકવ્યું છે. ભાજપના નેતાઓના પ્રયાસોથી આ માર્કેટનું નિર્માણ થયું છે અને અમે માર્કેટ પરથી નરેન્દ્ર મોદીનું નામ ધરાવતું બોર્ડ ઉતારવા દઈશું નહીં."

# નાસીરનગર ડિમોલિશનઃ સીલબંધ કવરમાં ઉચ્ચસ્તરીય કમિટીને વિવિધ રેકોર્ડ સોંપાયા

**રાજ્ય** સરકારની બે સભ્યની કમિટી દ્વારા 12 મીટરની લાઇનદોરીથી લઈ ડિમોલિશન પહેલાની તમામ કામગીરીના દસ્તાવેજો મંગાવાયા

### પોલીસની ભૂમિકા પણ તપાસના દાયરામાં

નાસીરનગર ડિમોલિશન અંગેની પિટિશનમાં માત્ર મનપાની કાર્યવાહી જ નહીં, પરંતુ પોલીસ વિભાગની કામગીરી અંગે પણ હાઇકોર્ટ દ્વારા નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી. અગાઉ સરકાર તરફથી રજૂઆત દરમિયાન એડ્વોકેટે જણાવ્યું હતું કે, ઉચ્ચસ્તરીય કમિટીને સુરત મનપા સહિત અન્ય સંબંધિત વિભાગોની ભૂમિકા પણ તપાસવાની જવાબદારી સોંપવામાં આવી છે. આ સંજોગોમાં તપાસ કમિટી દ્વારા પોલીસ વિભાગ પાસેથી પણ ડિમોલિશનના દિવસે ગોઠવાયેલા બંદોબસ્ત, પોલીસ કાર્યવાહી અને સમગ્ર પ્રકરણને લગતા દસ્તાવેજો મંગાવવામાં આવે તેવી શક્યતા છે. ખાસ કરીને ડિમોલિશન પૂર્વે અને તે દિવસે પોલીસ તથા મનપા વચ્ચે થયેલા સંકલન સહિતના મુદ્દાઓ પણ તપાસ હેઠળ આવી શકે છે.

સુરતઃ શહેરના કતારગામ-વેડ દરવાજા નજીક આવેલા નાસીરનગર ડિમોલિશન પ્રકરણમાં હાઈકોર્ટના નિર્દેશ અનુસાર રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત તપાસ કમિટીએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. હાઈકોર્ટ સમક્ષ સરકારનો સમગ્ર મામલે વલણ સ્પષ્ટ થાય એ માટે શહેરી વિકાસ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી એમ. થૈન્નારશન સહિત બે સભ્યોની કમિટી રચવામાં આવી છે. કમિટીએ આગામી 18 સપ્ટેમ્બર સુધીમાં સમગ્ર પ્રકરણની વિસ્તૃત તપાસ કરી અહેવાલ રજૂ કરવાનો છે.

તપાસના પ્રારંભિક તબક્કામાં શહેરી વિકાસ વિભાગના સંયુક્ત સચિવે સુરત મહાનગરપાલિકા કમિશનરને પત્ર પાઠવી નાસીરનગર વિસ્તારમાં થયેલી ડિમોલિશન કામગીરીને લગતા તમામ રેકોર્ડ ફિઝિકલ તેમજ સોફ્ટ કોપી સ્વરૂપે તાત્કાલિક રજૂ કરવા જણાવ્યું હતું. પત્રમાં બે દિવસમાં કોઈપણ પ્રકારના વિલંબ વિના દસ્તાવેજો રજૂ કરવાની સ્પષ્ટ તાકીદ કરવામાં આવી હતી. આ આદેશ બાદ છેલ્લા બે-ત્રણ દિવસથી મનપાના સંલગ્ન ઝોન અને વિભાગોમાં દોડધામ મચી હતી. નાસીરનગરમાં સૂચિત 12 મીટરની લાઈનદોરીના મૂળ દસ્તાવેજો, ડિમોલિશનના દિવસે કરવામાં આવેલી કામગીરી તેમજ તે પહેલાંની તમામ કાર્યવાહી સંબંધિત રેકોર્ડ એકત્ર કરવામાં આવ્યો હતો. મનપા દ્વારા આ તમામ દસ્તાવેજો સોમવારે સીલબંધ કવરમાં તપાસ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.